પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૨૮ | ૩૧ ઓક્ટોબર, ૨૦૨૨, સોમવાર; કારતક સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગોઝારી ઘટના : મોરબીમાં ઝુલતો પુલ તુટ્યો

## સમારકામ પૂર્ણ થઈ જતાં આ પુલ નવા વર્ષથી ફરી લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો : ૪૦૦થી વધુ લોકો પુલ પરથી મચ્છું નદીમાં પટકાયા : ૬૦થી વધુ મૃતદેહો બહાર કઢાયાનો દાવો : પટકાયેલા લોકોનું રેસ્ક્યૂ કામગીરી હાથ ધરાઈ : ૨૦ જેટલા લોકો ઘાયલ





મોરબી, તા.૩૦

વિશ્વમાં એક માત્ર કહી શકાય તેવો ઝુલતો પુલ મોરબીમાં આવેલો છે. આ પુલ છેલ્લા ઘણા સમયથી રિપેરીંગ કામને કારણે બંધ હતો. પરંતુ તેનું સમારકામ પૂર્ણ થઈ જતાં આ પુલ નવા વર્ષથી ફરી લોકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પરંતુ આજે મોરબીમાં ઝુલતો પુલ તૂટતા મોટી દુર્ઘટના બની છે. જેના કારણે અનેક લોકો પુલ પરથી મચ્છુ નદીમાં પટકાયા હોવાની માહિતી મળી રહી છે. આ ઘટનામાં હજુ સુધી કોઈનું મૃત્યુ થયું હોવાની જાણ નથી થઈ. નદીમાં પડેલા લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જેમાંથી ૨૦ જેટલા લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, આ ઘટનામાં અત્યારસુધી ૬૦ લોકોને નદીમાંથી કાઢ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનામાં પુલ પરથી મચ્છુ નદીમાં પટકાયા લોકોનું રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી છે. ૧૦૦થી વધુ લોકો આ દુર્ઘટનામાં નદીમાં પટકાયા હતા. મહત્ત્વનું છે કે, તે સમયે રેસ્ક્યૂ માટેની કોઈ વ્યવસ્થા ન હોવાથી માનવસાંકળ રચીને રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તમને જણાવી દઈએ કે સમારકામના ૫ દિવસ બાદ જ મોરબીનો ઝુલતો પુલ તૂટી પડ્યો છે. નવા વર્ષે જ લોકો માટે ઝુલતો પુલ ખુલ્લો મૂકાયો હતો. ઓરેવા ગ્રુપના સ્હએ ઝૂલતા પુલને ખુલ્લો મુકાયો હતો. આ બ્રિજને રૂપિયા ૨ કરોડના ખર્ચે રિનોવેશન

● અનુસંધાન પાન-૭ પર

## મુખ્યમંત્રી મોરબી જવા રવાના : પ્રધાનમંત્રીએ સંવેદના વ્યક્ત કરી

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી સાથેના કાર્યક્રમો ટુંકાવી મોડીસાંજે અમદાવાદથી મોરબી જવા રવાના થયા હતા. રાજ્ય સરકારે મૃતક પરિવારોને ૪-૪ લાખ રૂપિયાની સહાય તથા ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૫૦ હજારની સહાય કરવાના હુકમો પણ કર્યા હતા.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દુર્ઘટના અંગે સંવેદના વ્યક્ત કરી પ્રધાનમંત્રી રાહત ફંડમાં ૨-૨ લાખ રૂપિયાની સહાય જાહેર કરી હતી. અને ઈજાગ્રસ્તોને પણ કેન્દ્ર સરકાર દ્વારા ૫૦ હજારની સહાય આપવાના હુકમો કર્યા હતા.

કેન્દ્રીય ગ-હમંત્રી અમીતભાઈ શાહે, રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીને ફોન કરી સહાય માટે જરૂરી સુચનાઓ આપી મોરબી જવા રવાના કર્યા હતા. રાજકોટની સીવીલ હોસ્પિટલમાં અલગ વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે અને ૧૦થી વધારે ડોક્ટર્સને સ્ટેન્ડબાયના આદેશ અપાયા છે. સમગ્ર જીલ્લાના પોલીસ જવાનોને તથા રેવન્યુ સ્ટાફને તાત્કાલિક મોરબી પહોંચવા જીલ્લા વહીવટી તંત્રએ આદેશ કર્યા છે.

## અમને પુછ્યા વિના ઓરેવા ટ્રસ્ટે પુલ ચાલુ કરી દીધો હતો

રાજકોટ, તા.૩૦

મોરબી નગરપાલિકાના ચીફ ઓફીસર સંદીપસિંહ ઝાલાએ માધ્યમો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, ફીટનેશ સર્ટીફિકેટ વગર જ ઓરેવા ટ્રસ્ટે નવા વર્ષના પ્રારંભે બ્રીઝ ચાલુ કરી દીધો હતો. બ્રીઝની કેપેસીટી કરતા વધું લોડ આવી જતાં પુલ તુટ્યાનું મનાય છે. અંદાજ મુજબ ૧૦૦-૧૨૫ લોકો જ એકસાથે બ્રિઝ પર અવર કરે એટલી જ કેપીસીટી છે.

**ઓફિસ સ્ટાફ જોઈએ છે**

રિયલ એસ્ટેટની સાઈટ ઓફિસ પર રિસેપ્શન અને માર્કેટીંગ કરી શકે તેવા ફીમેલ (લેડી) ઉ.વ. ૨૦ થી ૩૫ની જરૂર છે.

લાયકાત : ગ્રેજ્યુએટ

સાઈટ : સરગાસણ, ગાંધીનગર

મો. નં. ૯૯૦૪૪ ૨૯૨૩૭







